## IFIM Business School launches AACSB accredited BBA Programme

Ahmedabad: IFIM Business School, Bangalore, one of India's top six AACSB accredited business schools, today announced the launch of a Bachelor of Business Administration (BBA) programme at its new campus in Greater Mumbai. The first batch of the programme will commence in September 2019. Beginning in IFIM Business School's Silver Jubilee year, this is the first BBA programme by any top-ranked AACSB accredited school in the country.

Commenting on the launch of BBA, the Director of IFIM Business School, Dr Atish Chattopadhyay said, "The MBA degree thrived in India because the undergraduate qualifications failed to produce employable graduates (barring a handful of the institutes), and MBA became a gateway to the first job, especially after the liberalisation of the Indian economy. It is in sharp contrast with the developed economies, where an MBA cohort predominantly consists of experienced professionals being groomed for a general management role. In India, MBA has almost become a required qualification post one's engineering or commerce degrees for an entry into a professional career.

Through our BBA programme, we intend to make the graduates ready for the industry right after the bachelor's qualification and eliminate the need for doing an MBA immediately. To me, those who could not make it to a top engineering school like IITs, it makes a lot of sense to pursue this BBA, which saves three years of their time and acts as a gateway to a professional career. I say this with a great level of confidence having led the IFIM-NHRDN study of Industry 4.0 needs and our curriculum being acknowledged and appreciated by the global academic fraternity including at the recent ICAM 2019 of AACSB at Edinburgh." (19-10)

## Biopics and Real Life stories are always heart winners :AnandPandit



Ahmedabad: If there is one thing that veteran producer Anand Pandit has developed through his association with the Hindi film industry is an acutely incisive and intuitive understanding of what makes for good cinema. Pandit has always believed in quality content and has been a forerunner in bringing some of the most iconic stories to the audiences. His most recent film is PM Narendra Modi and besides the subject in this case, it is also the genre that works.

Pandit says, "Over the years, I have seen that biopics and movies which are based on real life stories always bag great box office numbers. There are several reasons for this but the most important being the connect that audiences have to real life stories. I call it the 'shock-and-awe' of biopics. Audiences enjoy the twists and turns in the plot even more so because it's actually happened to another human being. And then of course there is curiosity to see the real life story unfold on the cinematic canvas."

Anand Pandit is a producer with a prolific list of films. Having associated with films like 'PM Narendra Modi', 'Total Dhamaal, 'Baazaar'. The filmmaker has also been associated with 'PyaarKaPunchnama 2', 'SatyamevaJayate', 'Batti Gul Meter Chalu', 'Sarkar 3' and 'Missing' (19-10)

## Biggest exhibition for Sheet Metal and Fixing Technology Ends on a High Note



Ahmedabad: BLECH India and Fastener Fair India, India's premier and the biggest exhibitions for the Sheet Metal Working industry and for Fastener and Fixing Technologyturned out to be highly successful and satisfying events for various business houses associated with the industry.

Speaking on the success of both these exhibitions, Rajan Sharma, organiser of these exhibitions in India and Director of Inter Ads Exhibitions Pvt. Ltd. said "This was the 6th International Edition of Blech India and 7th International Edition of Fastener Fair India. And it was the biggest edition so far for all of us. This yearwe witnesseda growth of more than 40% with footfalls of approximately 15,000 visitors over 3 days of the exhibition. There also has been 30% increase in the show size as compared to last year with nearly 400+ exhibitors participating from 13 different countries. A large variety of machines, tools and solutions for the complete sheet metal forming and fabrication process with an enormous amount of live machine demonstrations were on display, generating much curiosity and excitement amongst the visitors." (19-10)

## Auction for Sale (Re-Issue) of Government Stocks

New Delhi: Government of India has announced the Sale (Re-issue) of (i) '7.32 per cent Government Stock, 2024' for a notified amount of Rs. 5,000 crore (nominal) through price based auction, (ii) '7.26 per cent Government Stock, 2029' for a notified amount of Rs. 6,000 crore (nominal) through price based auction, (iii) '7.69 per cent Government Stock, 2043' for a notified amount of Rs. 2,000 crore (nominal) through price based auction, and (iv) '7.72 per cent Government Stock, 2049' for a notified amount of Rs. 4,000 crore (nominal) through price based auction. Subject to the limit of Rs. 17,000 crore, being total notified amount, GoI will have the option to retain additional subscription up to Rs. 1,000 crore each against any one or more of the above securities. The auctions will be conducted using multiple price method. The auctions will be conducted by the Reserve Bank of India, Mumbai Office, Fort, Mumbai on May 10, 2019 (Friday).

2. Up to 5% of the notified amount of the sale of the stocks will be allotted to eligible individuals and Institutions as per the Scheme for Non-Competitive Bidding Facility in the Auction of Government Securities.

3. Both competitive and non-competitive bids for the auction should be submitted in electronic format on the Reserve Bank of India Core Banking Solution (E-Kuber) system on May 10, 2019. The non-competitive bids should be submitted between 11.30 a.m.



The female voters showing mark of indelible ink after casting their votes, at a polling booth, during the 5th Phase of General Elections-2019, at Santragachi, Howrah district, in West Bengal on May 06.

# Indian Navy launches Massive Rescue and Rehabilitation Effort



New Delhi: In the aftermath of the devastation caused by Extremely Severe Cyclone 'Fani', the Eastern Naval Command of the Indian Navy has launched a massive rescue and rehabilitation effort in Odisha. Two Maritime Recce sorties were undertaken by the Dornier aircraft of the Navy revealing widespread destruction localised around the temple town of Puri. The Flag Officer Commanding-in-Chief of the Eastern Naval Command personally undertook aerial survey of the cyclone affected area with the first light on 04th May and visited INS Chilka to review the relief efforts.

Based on the aerial surveys, the Eastern Naval Command is undertaking a three-pronged rescue and rehabilitation effort centred around Puri and its suburbs in coordination with the State Government and District Administration. Relief and rehabilitation 'bricks' and 'pallets' (Naval parlance for containerised relief stores) comprising food material, essential medical supplies, clothing items, disinfectants, repair material, chain saws for removing damaged trees, torches and batteries, etc. have been sent to INS Chilka, a naval establishment at Odisha, closest to Puri. The Naval Officer-in-Charge(Odisha) is centrally coordinating distribution of these relief materials and community kitchen is planned to be set up.

Simultaneously, three Eastern Fleet ships are undertaking rescue and rehabilitation efforts from the Sea. The IN ships Ranvijay, Kadmatt and Airavat with three helicopters are presently operating off Puri and coordinating aerial survey and immediate response from Sea through their integral helicopters. As the first responders, helicopters from the ships have been able to provide immediate support. In order to coordinate the relief efforts, the Eastern Naval Command has pre-positioned Liaison teams in cyclone affected areas around Puri, who in turn are directing the rescue and relief efforts being undertaken by the ships.

With the likely opening of the Bhubaneshwar airport today, Chetak and UH3H helicopters are being positioned there by the Navy to launch rescue efforts and air-dropping of relief material to the inaccessible and remote areas. The deployment of the helicopters at Bhubaneshwar would enable aerial rescue of stranded personnel to safer areas as well as access to areas without road connectivity.

In order to sustain the rescue and relief over the next few days, the Eastern Naval Command has additional ships standby relief material.

## 15th Finance Commission to hold meetings with RBI and Banks & Financial Institutions and Eminent Economists

New Delhi: The 15th Finance Commission has scheduled a two-days visit to Mumbai to hold meetings with the Reserve Bank of India (RBI) and with the Banks and Financial Institutions on 8th and 9th May, 2019. The Commission will be headed by its Chairman, Shri N.K. Singh and include all its Members and senior officials.

In the meeting with the RBI, headed by Governor Shri Shaktikanta Das, the Commission is likely to discuss the following issues:-

Views on key macro-economic assumptions for the Fifteenth Finance Commission (FCXV), keeping in view the key parameters central to macro-financial stability.

Views on the cost of borrowings of the Centre and the States during the award period of the FCXV.

Modalities for ensuring that the borrowing cost becomes increasingly market-driven.

Issues in quantifying contingent liabilities of States and off-budget transactions of States, and other issues of public financial management.

Views on possible debt trajectories of States and State-specific consolidation road map.

Requirements of recapitalisation of banks and their impact on the cost of borrowings of governments.

Possible scenarios of the Bimal Jalan Committee Report on surplus capital available with the RBI for transfer to the Government of India.

RBI's own assessment of the dividends and surpluses that can be transferred to the Government of India during the award period of FCXV.

In the meeting with the Banks and Financial Institutions the following issues are likely to be raised:-

Cost of borrowings of the Centre and the States during the award period of the FCXV.

Modalities for ensuring that the borrowing cost becomes increasingly market-driven.

Recapitalization of banks and their impact on the cost of borrowings of governments.

The meeting is to be attended by State Bank of India, Bank of Baroda, Bank of India, Bank of Maharashtra, Central Bank of India, Union Bank of India, Axis Bank Ltd. HDFC Bank Ltd., ICICI Bank Ltd., IndusInd Bank, Kotak Mahindra Bank, Yes Bank Ltd, IDFC First Bank Ltd., IDBI Bank Limited.

The Commission will also hold a detailed meeting with eminent economists to discuss the various Terms of Reference of the 15th Finance Commission. The economists who will be attending the meeting include Ms. Rupa Rege Nitsure, Mr. Saugata Bhattacharya, Ms. Prachi Mishra, Mr. Sajjid Chenoy, Mr. Neelkanth Mishra, Dr. Samiran Chakraborty, Ms. Pranjul Bhandari, Ms. Ashu Suyash, Mr. Naresh Takkar, Mr. Soumya Kanti Ghosh, Mr. Ajit Ranade, Ms. Mala Lalvani, Dr. Mahendra Dev, Dr. Avadhoot Nadkarni, Dr. S.L. Shetty.

## Centre announces further assistance of One thousand crore rupees for Cyclone affected Odisha

New Delhi: Continuing the coordination efforts and restoration measures in the areas of Odisha affected by cyclone FANI, the National Crisis Management Committee (NCMC) under the Cabinet Secretary Sh. P. K. Sinha met again today and reviewed the situation for the second time in succession.

As announced by Prime Minister after his aerial survey and review of relief efforts with the Odisha Government, Ministry of Home Affairs has announced a further release of Rs 1,000 Crore for assistance to the State. Earlier Rs 341 crores had been provided to Odisha as an advance to its State Disaster Response Fund (SDRF).

Odisha informed that restoration of Power and Telecommunication infrastructure continue to remain the major priority in the Cyclone affected areas of the State. Around 50% power restoration has been reported while more works need to be done in Bhubaneswar and Puri. The NEET examination, which was postponed, will now be held on 20th May. Medicines dispatched by the Centre have been received and all measures were being taken to prevent any outbreak of diseases.

Reviewing the relief measures, Cabinet Secretary stressed that power connectivity need to be restored on priority basis as drinking water supply, telephone connectivity and banking operations need electricity. The option of deploying vehicle-mounted mobile towers, as requested by Odisha, is being explored to provide connectivity in Puri and Khurda.

More than 2,500 gang men are working in Odisha to restore power lines, substations and Steel Ministry has dispatched about 5,500 steel electric poles and another 15,000 will be supplied by 14th May. Cabinet Secretary directed that more manpower should be mobilized to restore power. He also suggested that mobile service operators need to operationalize their towers in coordination with the State Government.

Ministry of Petroleum informed that majority of petrol and diesel retail outlets are functional and sufficient stocks of diesel and other fuels are available in Odisha. Three mobile dispensers of Diesel of 6000 liters capacity each are being pressed into service.

Finance Ministry has directed Insurance companies to settle insurance claims expeditiously. The State Level Banking Committee has been asked to convene to coordinate all banking issues, including functioning of ATMs.

Railways have resumed train services on all the lines. The yard at Puri, which was extensively damaged will be restored fully by 12th May.

The Defence Ministry has moved Diesel Generators to Odisha. Four helicopters of Navy and Indian Coast Guard are engaged in relief operations. Navy and ICG are also running community kitchens for cyclone affected people.

Cabinet Secretary directed that officers of Central Ministries/ Agencies should work in close coordination with Odisha State Government and provide all required assistance expeditiously.

Chief Secretary/Addl Chief Secretary of Odisha participated in the NCMC meeting through Video Conference. Senior Officers from Ministries of Home Affairs, Defence, Railways, Petroleum and Natural Gas, Power, Telecommunications, Steel, Financial Services and NDMAalso attended the meeting.

## Navneet Education Limited launches Swachh Bharat Survekshan 2019

Ahmedabad: Youva from Navneet Education Limited today announced the launch of a special edition series of long books to commemorate the awards announced in theSwachh Bharat Survekshan.The congratulatory series of long books were launched under its sub-brand Youva Pro.

This elegant series of long books designed by Navneet Education Limited will have stylish two-color designs with elegant foil printing featuring India's 5 cleanest regions: Indore, Ahmedabad, Bhopal, Ujjain and Chhattisgarh.

The Swachh Bharat Survekshan 2019 is the world's largest cleanliness survey covering 4,237 cities & 6.5 lakh survey locations. The objective of this survey is to bring people together to make their locality, city, district, state and eventually the country a cleaner, brighter, better place to live in.

Commenting on the launch of Swachh Bharat Survekshan 2019 long book series Shailendra Gala, Director - Stationery Division, Navneet Education Limited said, "Youva is proud to help in creating awareness and pride around this project. As a team we want to further the aspirations of #MyCleanIndia! Through this launch, we are trying to create awareness amongst citizens for a clean and green India. These long books with their premium two colour designs are a way for citizens of these cities & states to flaunt their pride in the recognition that their beloved place of residence has garnered, almost like a collectible series of long books." -

## A HEALTHY COOKOUT IN AHMEDABAD SHOWCASES THE IMPORTANCE OF ALMONDS IN OUR DAILY LIVES



Ahmedabad: Often referred to as the king of nuts, almonds are versatile nuts that form a delicious part of our daily lives and offer natural goodness in every bite. Owing to their crunchy, scrumptious and nutritious nature, almonds can be made a part of our daily diet in various ways. A unique cookout session conducted in Ahmedabad helped take this idea forward, where almonds were the main ingredient involving unique snacking and festive recipes demonstrated by homemakers of the city. The session was conducted by chef Yatendra Dutt Kestwal and nutritionist Komal Patel as three homemakers Keyuri Shah, Shilpa Shah and Megha Shah from the city led the way in showcasing how almonds could be made a part of our daily diets through snacking and festival food preparations. There was a healthy competition between three ladies, and in first round Keyuri Shah became the winner and in the second round Shilpa Shah became the winner.

Nutritionist Komal Patel said, "For Indian families, food comes first and we don't usually plan our meals especially during midafternoon or early evening snacking time. Snacking smart with almonds is a great way to lead a healthy lifestyle. Almonds have been shown to lower total and LDL cholesterol when included in a healthy diet and might help in reducing levels of heart-damaging inflammation1. Not just this, a handful of almonds promotes the feeling of fullness, helping you keep hunger at bay2. They are naturally high in dietary fibre and low in sugars3." (19-10)

## India and U.S. Hold Bilateral Trade Meeting

New Delhi: India and the United States held the India-U.S. Bilateral Trade meeting in New Delhi today. Suresh Prabhu, Minister of Commerce & Industry and Civil Aviation, Government of India and Mr. Wilbur Ross, Secretary of Commerce, United States of America co-chaired the bilateral meeting.

Both the co-chairs,Suresh Prabhuand Mr. Wilbur Rossappreciated the strong, robust and growing bilateral ties between India and the U.S. across the entire spectrum of trade and commerce. Both sides expressed satisfaction over the progress during the year 2018, with bilateral trade in Goods and Services registering a growth of 12.6% from $ 126 billion in 2017 to $142 billion in 2018.

India appreciated the USTrade Winds Indo-Pacific Business Forum and Missioninitiative 2019, being held at New Delhi. The forum will bring together distributors, representatives and partners and enable them to increase sales by taking part in business-to-business meetingsfrom 8-10thMay, 2019, across India.

Both co-chairs also complimented the new bilateral private sector led Small Business Interactioninitiative, the US - India SME Forum, held today in the forenoon in New Delhi.This is thefirst event of its kind and would pave the way for collaboration and partnership between the U.S. and Indian small and medium enterprises (SMEs) in the areas of manufacturing and services.

**Amarnath Securities Limited**
CIN: L67120GJ1994PLC023254
Regd. Office: 1/ 104, SARTHAK, OPP. C. T. CENTRE, B/H. SWASTIK CROSS ROAD, C. G. ROAD, AHMEDABAD, GJ - 380009
Corp. Office: B 207, CITI Point, Nr.Kohinoor Hotel, J B Nagar, Andheri, Mumbai - 59
Email Id: amarnathsecurities@gmail.com

**NOTICE**

Pursuant to Regulation 29 of the Securities and Exchange Board of India (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is schedule to be held on Wednesday, May 15, 2019 at 11.00 a.m. at the Corporate Office of the Company. Inter-alia, to consider and approve the Audited Financial Results of the Company for the Quarter and year ended on March 31, 2019.

Further, we would like to inform you that as per SEBI (Prohibition of Insider Trading) Regulations, 2015 and Company's Code of Conduct, the Trading Window shall remain closed till May 17, 2019.

This intimation is also available on the Company website at www.amarnathsecurities.com and on the website of the Stock Exchange at www.bseindia.com.

**For Amarnath Securities Limited**
**Sd/-**
**Naresh Padir**
**Additional Director**

**Date : May 07, 2019**
**Place : Mumbai**

**Gokul Agro Resources Limited**
CIN – L15142GJ2014PLC080010
Reg. Office: Office No. 801 - 805, Dwarkesh Business Hub, Survey No. 126/1, Opp. Visamo Society, B/h Atishay Belleview, Motera, Ahmedabad - 380005

**NOTICE**

Pursuant to Clause 29(1)(a) and 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Meeting of Board of Directors of the Company (Board Meeting No. 01/ 2019-20) will be held on Tuesday, May 14, 2019 at 4:00 PM at the Registered Office of the Company inter alia to consider and approve Audited Financial Statements for the Fourth Quarter and Year ended March 31, 2019.

**For, Gokul Agro Resources Ltd.**
**Sd/-**
**Chinar Jethwani**
**Company Secretary & Compliance Officer**

**Date :May 07,2019**
**Place: Ahmedabad**

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-

# થર્મલ પાવર સ્ટેશનના જુ.ઈજનેરને મુંબઈની ચઢ્ઢા એન્ડ ગેંગ ૪૦.૮૦ લાખનો ચૂનો લગાવી ગઇ

ખેડા, ખેડા જિલ્લાના થર્મલ પાવર સ્ટેશનમાં આવેલી જીઈબી કોલોનીમાં રહેતાં જુનીયર ઈજનેરને બોમ્બના મહાઠગે ત્રણ વ્યક્તિઓની મદદથી રૂા. ૪૦.૮૦ લાખનો ચુનો ચોપડી દેતાં ઈજનેરની હાલત કફોડી બની ગઈ છે. તેમણે આ બાબતે હાલમાં સેવાલિયા પોલીસમાં ચાર વ્યક્તિઓ સામે ફરિયાદ આપી છે. પોલીસે ફરિયાદને આધારે તપાસ શરૂ કરી છે. સાઈબર ક્રાઈમના આ ગુનામાં અજાણ્યાં આરોપીઓને પકડવા પોલીસ માટે પડકારરૂપ છે. પરંતુ પોલીસની આઈટી ટીમે આ દિશામાં તપાસ હાથ ધર્યાનું જાણવા મળે છે.

મળતી વિગતોમાં મૂળ માતર તાલુકાના ત્રાજમાં રહેતાં અને વર્ષ ૨૦૦૬થી ગળતેશ્વર તાલુકાના થર્મલ પાવરસ્ટેશનની જીઈબી કોલોનીમાં રહેતાં રમેશભાઈ હરમાનભાઈ પટેલ થર્મલ જીઈબીમાં જુનીયર ઈજનેર તરીકે ફરજ બજાવે છે. તેમણે વર્ષ ૨૦૧૦થી ૨૦૧૭ સુધીમાં રિલાયન્સ લાઈફ ઈન્શ્યુરન્સ, એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ, બિરલા સન લાઈફ ઈન્શ્યોરન્સ, બજાજ એલિયાન્સ જેવી વિવિધ વીમા કંપનીઓની ૫૪ જેટલી પોલીસીઓ લીધી છે અને તે પેટે તેમણે રૂા. ૫૫ લાખનું રોકાણ કર્યું છે. આ તમામ પોલીસીઓની હાર્ડ કોપી એટલે કે પોલીસી લેટર તેમની પાસે છે. ગત તા. ૨૦ ડિસે.૨૦૧૮ના રોજ રમેશભાઇ ફરજ પર હતા ત્યારે તેમના મોબાઈલ પર મુંબઈથી ફોન આવ્યો હતો અને ફોન કરનારે પોતાની ઓળખ આઇઆરડીએના આસીસ્ટન્ટ ફંડ મેનેજર રોહન ચઢ્ઢા હોવાની આપી હતી. તેણે રમેશભાઈએ લીધેલી વિવિધ પોલીસીની માહિતી આપતા રમેશભાઇને રોહન ચઢ્ઢા પર વિશ્વાસ બેઠો હતો કે તે આઇઆરડીએનો આસી. ફંડ મેનેજર હોવાથી જ મેં લીધેલી પોલીસીઓની વિગતોની તેની પાસે જાણકારી છે. પરંતુ વાસ્તવમાં રોહન ચઢ્ઢા મહાઠગ છે અને તેણે કોઈપણ પ્રકારે રમેશભાઈએ લીધેલી ૫૪ પોલીસીઓની જાણકારી મેળવીને રમેશભાઇ પાસેથી નાણાં પડાવવા ફોન દ્વારા વિશ્વાસ સંપાદન કરવાનો પ્રયાસ કર્યો હતો. જો કે રોહન ચઢ્ઢા મહાઠગ હોવાની વાતથી રમેશભાઇ અજાણ હતા. દરમ્યાન રોહન ચઢ્ઢાએ રૂ. ૫૫ લાખના વળતર સાથે વધારાનું રીફન્ડ મળીને કુલ રૂ. ૧.૯૯ કરોડ અપાવવાની વાત કરતા રમેશભાઇ લલચાઇ ગયા હતા. વાતવાતમાં રોહન ચઢ્ઢાએ રમેશભાઈનું ઈમેઈલ આઇડી મેળવી લઇને વિવિધ વ્યકિતઓ સાથે રમેશભાઇને કોન્ફરન્સમાં વાત કરાવી હતી. તે અજાણ્યા વ્યકિતઓ પણ રમેશભાઇને સારું રીફન્ડ મળશેની લાલચ આપતા હતા. ત્યારબાદ રોહન ચઢ્ઢાએ ૧.૯૯ કરોડ મેળવવા કંપની સિકયુરીટી ચાર્જ, ઓફિસ ઓર્ડર લેટર ચાર્જ, એનઓસી ચાર્જ સહિતના ચાર્જના રૂ. ૪૦.૮૦ લાખ ભરવા પડશે તેમ જણાવ્યું હતું. જો કે મોટા રીફન્ડની લાલચમાં આવી ગયેલા રમેશભાઈએ રકમ ભરવા તૈયાર બતાવી હતી.જેથી રોહન ચઢ્ઢાએ તેના અન્ય ત્રણ સાગરિત સુનિલ યાદવ, તુષાર શર્મા અને બ્રહ્માનંદ કુશવાહાના એકાઉન્ટ નંબર રમેશભાઈને ઈમેલ કર્યા હતાં. જેથી રમેશભાઈએ થર્મલમાં આવેલ બેના બેંકના બે ખાતામાંથી ત્રણેયના ખાતાઓમાં જુદી જુદી તારીખોએ મળીને ૨૧ વખત આરટીજીએસ દ્વારા કુલ રૂ. ૪૦.૮૦ લાખ તા. ૨૦ ડિસે.૨૦૧૮થી ૧૮ ફેબ્રુ.૨૦૧૯ દરમ્યાન જમા કરાવ્યા હતા. પરંતુ રૂ. ૧.૯૯ કરોડનું રીફન્ડ ન મળતા રમેશભાઈએ ફોન કરતા રોહન ચઢ્ઢાએ માર્ચ એન્ડિગ હોવાથી નાણાં જમા થવામાં વાર લાગશેનો ખોટો વિશ્વાસ આપ્યો હતો. એપ્રિલમા પણ નાણાં જમા ન થતા રમેશભાઈએ પૂછપરછ માટે ફોન કરતા રોહને જણાવ્યું હતું કે, મોટી રકમ હોવાથી અધિકારી બિક્ષસ માંગે છે સહિતની ગોળગોળ વાતો કરી હતી. દરમ્યાન રમેશભાઇને પોતે છેતરાયાનો અહેસાસ થયો હતો. જેથી તેમણે સેવાલિયા પોલીસમાં આ બાબતે ફરિયાદ આપી હતી. પોલીસે રોહન ચઢ્ઢા, સુનિલ યાદવ, તુષાર શર્મા અને બ્રહ્માનંદ કુશવાહા સામે છેતરપિંડી તેમજ સાઈબર ક્રાઈમની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# પાણી પુરવઠા અંગે સીએમ રૂપાણીએ ઉચ્ચસ્તરીય બેઠક યોજી

ગાંધીનગર, ગુજરાતના મુખ્યપ્રધાન વિજયભાઇ રૂપાણીએ રાજયના આઠેય મહાનગરોમાં તથા શહેરી વિકાસ સત્તામંડળોમાં સમાવિષ્ટ વિસ્તારોમાં પાણી પુરવઠાની સ્થિતિની સમીક્ષા અને આયોજન અંગે ઉચ્ચસ્તરીય બેઠક ગાંધીનગરમાં યોજી હતી.

પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઇ બાવળીયાની સહ ઉપસ્થિતીમાં યોજાયેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં મુખ્ય સચિવ ડૉ. જે. એન. સિંહ, મુખ્યપ્રધાનના મુખ્ય અગ્ર સચિવ કૈલાસનાથન, પાણી પુરવઠા, શહેરી વિકાસના અગ્ર સચિવો સહિતના વરિઠ અધિકારીઓ પણ ચર્ચામાં જોડાયા હતા. મુખ્યપ્રધાને મહાનગરોમાં આગામી ૧-૨ વર્ષમાં વપરાશ માટેના પાણી પુરવઠામાં ૭૫ ટકા ટ્રીટેડ વોટર-રીસાયકલ્ડ વોટર યુઝ કરવા માટેની વ્યવસ્થા કાર્યરત થાય તે અંગે પણ તાકીદ કરી હતી. રાજ્ય સરકારે આગામી જુલાઇ માસ સુધી પીવાના પાણીની પુરતી ઉપલબ્ધી માટે કરેલા આયોજન સંદર્ભમાં શહેરી ક્ષેત્રોમાં સ્થાનિક સત્તાતંત્રોની સજ્જતા-આયોજન અંગે પણ આ બેઠકમાં સમીક્ષા અને ચર્ચા-વિચારણ હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરોના મેયર, સ્ટેન્ડીંગ કમિટિના અધ્યક્ષો, અને કમિશનર આ બેઠકમાં ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

# વિંગ્સ ફોર લાઈફ વર્લ્ડ રન ખાતે દાન માટે ૧૨૦,૦૦૦ જેટલા નોંધાયેલા રનર્સ



અમદાવાદઃ ૧૨૦,૦૦૦ જેટલા નોંધાયેલા રનર્સ અને વ્હીલચેર પાર્ટિસિપન્ટ્સે સ્પાઇનલ કોર્ડ ઇન્જરી રિસર્ચ માટે ભંડોળ ઊભુ કરવા માટે ૬ઠ્ઠી વાર્ષિક વિન્ગસ ફોર લાઇફ વર્લ્ડની રવિવાર, ૫ મે ૨૦૧૯ના રોજ ૭૨ દેશોમાં ૩૨૩ સ્થળોએ યોજાયેલી ઘટનામાં ૧,૧૦૩,૨૭૬ કિમીનું અંતર કાપ્યુ હતું. ચાર કલાકની આ બિરાદરી અને સ્પર્ધા દરેક ઉપખંડમાં શેર કરવામાં આવી હતી અને જ્યા સુધી રશિયન્સ ઈવાન મોટોરીન (ઇઝમીર, તૂર્કી) અને તેમના દેશબંધુ નાની ઝરીનાએ (ઝૂગ, સ્વીત્ઝરલેન્ડ) પુરુષ અને મહિલાનીવૈશ્વિક ચેમ્પીયનશીપનો અનુક્રમે ૬૪.૩૭ કીમી અને ૫૩.૭૨ કિમીનો દાવો ન કર્યો ત્યાં સુધી ઉત્તેજના અને લાગણી ઉત્પન્ન કરી હતી.

યુટીસી અનુસાર સવારે ૧૧.૦૦ કલાકે શરૂ થયેલી આ દોડમાં ૧૮૬ નેશનાલિસ્ટની કેચર કારથી દૂર ભાગીદારી જોવામાં આવી હતી દે પરિણામો આવ્યા હતા તે ઓસ્ટ્રેલિયાથી લઈને કોલોમ્બિયા અને દક્ષિણ આફ્રિકાથી લઈને કઝાખસ્તાન સુધીના હતા. વિંગ્સ ફોર લાઈફ વર્લ્ડ રનમાં કોઇ પણ જોડાઇ શકે છે, તેમજ કેચર કાર્સ કે વિંગ્સ ફોર લાઇફ વર્લ્ડ રન એપનો ઉપયોગ કરીને ઈવેન્ટ લોકેશન્સ ખાતે ભાગ લઇ શકે છે - તેમાં ચાહે ઓર્ગેનાઇઝ્ડ એપ રન્સના સોમાંથી એક હોય કે વ્યક્તિગત તેનાથી કોઇ ફરક પડતો નથી. હવામાનની સ્થિતિમાં વૈવિધ્યતા આંખ ખેંચે તેવી હતી, જેમાં ઇટાલીમાં અચનાક સ્નોફોલ થયો હતો, જ્યારે મુંબઇ, ભારતમાં તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સીયસ જેટલું હતું.(૨૨-૧)

# નર્મદામાં ખારાશ રોકવા બે વર્ષ બાદ હવે ભાડભુત પાસે પાળો બનાવાશે

ભરૂચ, ભરૂચ તાલુકાના નાંદથી ભાડભુત સુધીના ૬૦ કિમીના વિસ્તારમાં નર્મદા નદીમાં ખારાશ અટકાવવા માટે ૪,૦૦૦ કરોડ રૂપિયાની ભાડભુત બેરેજ યોજનાના ભૂમિપૂજનના બે વર્ષ બાદ પણ ટેન્ડરિંગની કાર્યવાહી પૂરી થઇ શકી નથી. બીજી તરફ ડેમમાંથી પાણી નહીં છોડાતા દરિયાના પાણી નદીમાં નાંદથી પણ આગળ વધી રહ્યાં છે ત્યારે નદીમાં ખારાશ રોકવા માટે ભાડભુત પાસે જ ૧.૫ કિમીની લંબાઇનો હંગામી પાળો બનાવી સંતોષ માનવામાં આવશે. છેલ્લા ચાર વર્ષથી નર્મદા ડેમમાંથી પાણી નહીં છોડાતા કેવડિયાથી ભાડભુત સુધીના ડાઉનસ્ટ્રીમના ૧૬૧ કિમીના વિસ્તારમાં નદી સુકીભઠ બની છે. ભરતીના પાણી દરિયામાં પરત જતાં ન હોવાથી હવે નદીમાં દરિયાના પાણીની હાજરી જ જોવા મળે છે. દરિયાના પાણી રોકવા માટે ભાડભુતમાં ૪,૦૦૦ કરોડના ખર્ચથી ભાડભુત નજીક વિયર કમ કોઝવે બનાવવાના પ્રોજેકટનું ઓકટોબર ૨૦૧૭માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ભૂમિપૂજન કરાયું હતું. ભૂમિપૂજનના એક વર્ષ બાદ ૨૦૧૮માં રાજ્ય સરકારે વિયર કમ કોઝવે માટે ૩,૦૦૦ કરોડની ફાળવણી કરી હતી. ભૂમિપૂજનના બે વર્ષ બાદ પણ ભાડભુત બેરેજ માટે ટેન્ડરિંગની પ્રક્રિયા પણ પૂરી થઇ શકી નથી.

# ૧ વર્ષની બાળકી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવી, દુષ્કર્મની આશંકા

ભરૂચ, ભરૂચમાં માનવતાને શર્મસાર કરતો કિસ્સો આવ્યો સામે આવ્યો છે. ભરૂચ ખાતે ઘણા દિવસથી એક ગુમ બાળકી ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવી છે. બાળકીના ગુપ્તાંગ અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ સાથે મળેલી બાળકી પોલીસ માટે એક કોયડો સમાન છે.

બાળકીની હાલની દશા જોઈને પોલીસને પણ લાગી રહ્યું છે કે, તેની સાથે કંઈક ખોટું થયું છે. આ ઘટના આજના સભ્ય સમાજને શરમાવે તેવી છે, કારણ કે, જે બાળકીને દુનિયાદારીની પણ ખબર નથી, તેની સાથે આટલી હદે બર્બરતા આચરવી કેટલી વ્યાજબી છે. હાલ તો બાળકીની ગંભીર હાલતના કારણે તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડી દીધી છે.

આ ઘટનામાં મળતી માહિતી પ્રમાણે, દહેજના સુવા ગામે એક વર્ષની બાળકી ગુમ થઈ હતી. જે બાળકી આજરોજ મળી આવી હતી. બાળકીના ગુપ્તાંગ અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ જોવા મળી છે, તેના આધારે પોલીસને બાળકી સાથે દુષ્કર્મ થયું હોવાની આશંકા વ્યક્ત કરી છે. ભરૂચ ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ ઈજાગ્રસ્ત બાળકીને સારવાર અર્થે વડોદરા હોસ્પિટલમાં ખસેડાઇ છે.

# જળસપાટીમાં વધારો નોંધાતા નર્મદા ડેમના દરવાજા ખોલી નંખાયા

ભરૂચ, ચોમાસાં પહેલા નર્મદા ડેમ ભરવાનું કાઉન્ટ ડાઉન શરૂ કરવામાં આવ્યું આવ્યું છે. નર્મદા ડેમને ભરી શકાય તે માટે ડેમના દરવાજાને સર્વિસિંગ માટે હાલ પુરતા ઉંચા કરવામાં આવ્યા છે. હાલ ગુજરાત રાજ્યની જીવાદોરી સરદાર સરોવર નર્મદા ડેમની જળસપાટી ૧૧૯ મીટર કરતાં પણ વધારે હતી. સરદાર સરોવરમાં પાણીનું લાઈવ સ્ટોરેજ ૧૧૫૦ મિલિયન કયુબિક મીટર જેટલું છે અને જરૂરિયાત પ્રમાણે જે પાણી છે તેને મુખ્ય કેનાલ મારફતે રાજ્યભરમાં મોકલવામાં આવી રહ્યું છે. ત્યારે સરદાર સરોવર નર્મદા ડેમને ૨૦૧૭માં ગેટને બંધ કર્યા બાદ નર્મદા ડેમને પૂર્ણ ક્ષમતાથી ભરી શકાયો નથી. જેનું મુખ્ય કારણ એ હતું કે ચોમાસું નબળું રહેતું હતું જેના કારણે નર્મદા ડેમને પુરેપુરો ભરી શકાયો ન હતો.

# નર્મદા નદીમાં ડૂબેલા એક યુવાનનો મૃતદેહ મળ્યો, ૨ની શોધખોળ ચાલુ

અંકલેશ્વર, અંકલેશ્વરના બોરભાઠા બેટ ગામ પાસે નર્મદા નદી ન્હાવા પડેલા જૂના દિવા ગામના ૫ પૈકી ૩ મિત્રો ડૂબ્યા હતા. ૩ પૈકી એક યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો. જ્યારે બે યુવાનોનો હજુ કોઇ પત્તો મળ્યો નથી. તેમની શોધખોળ હાલ ચાલી રહી છે. નર્મદા નદીમાં ન્હાવા માટે ગયેલા જૂના દિવા ગામના ૫ મિત્રો પૈકી ૩ મિત્રો દરિયાની ભરતીના પાણીમાં નર્મદામાં તણાયા હતા. રવિવારે બપોરે ન્હાવા ગયેલા મિત્રો નર્મદા નદીના ઓછા પાણી ચાલીને ભરૂચ તરફના કિનારા સુધી પહોંચ્યા હતા જ્યાંથી પરત આવી રહ્યા હતા, તે દરમિયાન અચાનક ભરતીનું પાણી વધવા લાગતા તમામ મિત્રો બહાર નીકળવા માટે ઝડપ વધારી હતી ૫ મિત્રો પૈકી માત્ર રોશન પટેલને તરતા આવડતું હતું. જેને પ્રથમ યતીન પટેલને બચાવી લીધો હતો. બીજા મિત્ર વિનય પટેલ, શિવ ભરડીવાલા, અને અનિરુદ્ધ રાજને બચવા જતા પાણી વધતા તેવો એકદમ તણાઇ ગયા હતા. રોશને આ અંગે ગામ ખાતે જાણ કરતા ગ્રામજનો જૂના બોરભાઠા નજીક હંસદેવ આશ્રમ પાસે દોડી આવ્યા હતા. આ સમાચાર લખાઈ રહ્યા છે ત્યારે ફાયર બ્રિગેડની ટીમે શોધખોળ ચાલુ રાખી હતી.

# અમૂલ આઈસીસી વર્લ્ડ કપ ૨૦૧૯ માટે અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમની સત્તાવાર પ્રયોજક બનશે

અમદાવાદઃ એશિયાની સૌથી મોટી મિલ્ક બ્રાન્ડ ''અમૂલ'' આગામી આઈસીસી વર્લ્ડ કપ માટે અફઘાનિસ્તાન ક્રિકેટ ટીમની સત્તાવાર પ્રયોજક બની છે જેના યજમાન ઈંગ્લેન્ડ અને વેલ્સ છે.

રૂા.૪૫૦૦૦ કરોડ (યુએસ ડોલર ૬.૫ અબજ) નું ટર્નઓવર ધરાવતી અમૂલનો લોગો, તા.૩૦ મે થી ૧૪ જુલાઇ ૨૦૧૯ દરમ્યાન ચાલનારા વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાનની ટીમની પ્લેઈંગ જર્સીની બાંય ઉપર તથા ટ્રેઈનીંગ કીટસ ઉપર પણ જોવા મળશે.

જીસીએમએમએફના(અમૂલ) મેનેજીંગ ડિરેક્ટર ડો. આર. એસ. સોઢીએ જણાવેલ કે ''ઈન્ટરનેશનલ ક્રિકેટમાં સૌથી ઝડપથી વિકાસ પામતી અફઘાનિસ્તાનની ટીમ સાથે અમૂલ સૌ પ્રથમવાર જોડાયેલ છે તે બદલ અમે ખૂબજ ઉત્સાહિત છીએ અને આશા વ્યકત કરીએ છીએ કે આ ટીમ વર્લ્ડ કપમાં અદભૂત દેખાવ કરશે.'' (૧૯-૧)

# મહિન્દ્રા XUV૩૦૦એ ૨૬,૦૦૦નાં બુકિંગનો આંકડો વટાવ્યો



અમદાવાદઃ ૨૦.૭ અબજ અમેરિકન ડોલરનાં મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ગ્રૂપની કંપની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા લિમિટેડ (એમએન્ડએમ લિમિટેડ)એ આજે જાહેરાત કરી હતી કે કંપનીની સ્ટાઈલિશ અને રોમાંચક નવી એસયુવી XUV ૩૦૦ ચાલુ વર્ષે ફેબ્રુઆરીમાં લોંચ થયા પછી એનાં બુકિંગનો આંકડો ૨૬,૦૦૦ને વટાવી ગયો છે. એપ્રિલમાં XUV૩૦૦ ભારતમાં સબ-૪ મીટર એસયુવી બ્રાન્ડમાં બીજી સૌથી વધુ વેચાતી બ્રાન્ડ પણ બની ગઈ છે.

XUV૩૦૦ની ખાસિયત સેગમેન્ટમાં પ્રથમ સલામતી અને હાઈ-ટેક ખાસિયતો સાથે સેગમેન્ટમાં રોમાંચક, શ્રેષ્ઠ પર્ફોર્મન્સ છે, જેણે દેશભરમાં, ખાસ કરીને મેટ્રો અને શહેરી બજારોમાં ગ્રાહકોમાં લોકપ્રિયતા મેળવી છે. એનાં ૩ વેરિઅન્ટમાં ટોપ એન્ડ વેરિઅન્ટની સૌથી વધુ માગ જોવા મળી છે, જે કુલ બુકિંગમાં ૭૦ ટકા હિસ્સો ધરાવે છે. ૧.૨ લિટર ટર્બો-પેટ્રોલ સાથે સજ્જ પેટ્રોલ વેરિઅન્ટ સેગમેન્ટમાં શ્રેષ્ઠ પર્ફોર્મન્સ આપે છે, જેણે વધુને વધુ વેચાણ મેળવવાનું જાળવી રાખ્યું છે અને XUV૩૦૦નાં વેચાણમાં નોંધપાત્ર હિસ્સો ધરાવે છે. (૧)

# 'ફાની' વાવાઝોડાની ટેક્સટાઇલ્સ ઉદ્યોગ પર માઠી અસર, કરોડોનું નુકસાન

સુરત, ચક્રવાત ફેણીએ મચાવેલી તબાહીમાં મૃતકોનો મૃત્યુઆંક ૧૬ને પાર થયો છે. ત્યારે ઓડિસામાં યુદ્ધ સ્તરે રાહત અને બચાવ કાર્ય તથા પુનર્વસનનું કામ હાથ ધરવામાં આવ્યુ છે. તો 'ફાની' નાં પગલે લગભગ ૧૦ હજાર ગામ અને ૫૨ શહેરોમાં યુદ્ધ સ્તરે બચાવ અને રાહત કાર્ય હાથ ધરવામાં આવ્યુ છે. ત્યારે આ વાવાઝોડાની અનેક જગ્યાઓ પર અસર પડી છે. 'ફાની' વાવાઝોડાથી સુરતના વેપાર-ધંધા પર પણ અર પડી છે. ચક્રવાત ફેણીએ મચાવેલી તબાહીમાં મૃતકોનો મૃત્યુઆંક ૧૬ને પાર થયો છે. ત્યારે ઓડિસામાં યુદ્ધ સ્તરે રાહત અને બચાવ કાર્ય તથા પુનર્વસનનું કામ હાથ ધરવામાં આવ્યુ છે.

# તુવેર કૌભાંડ મામલે ખેડૂતોએ કલેક્ટરને આપ્યું આવેદનપત્ર, જનતા રેડની ચિમકી

ભાવનગર, ભાવનગરના તળાજામાં તુવેર ખરીદીમાં ગેરરીતિ મામલે ખેડૂતોમાં રોષ જોવા મળ્યો છે. ત્યારે હવે રોષે ભરાયેલા ખેડૂતોએ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યુ હતું. ખેડૂતોએ કલેક્ટરને આવેદનપત્ર આપીને યોગ્ય તપાસની માગ કરી હતી. જો આ મામલે તપાસ નહીં થાય તો ખેડૂતોએ જનતા રેડ પાડવાની પણ ચિમકી ઉચ્ચારી હતી. ખેડૂતોએ ૧૦૧ ગોડાઉન પર જનતા રેડ પાડવાની ચીમકી ઉચ્ચારી હતી.

મહત્વનુ છે કે, ખેડૂતો પાસેથી ખરીદેલી તુવેરમાં સડેલી તુવેરની ભેળસેળ કરવામાં આવી હતી. ખેડૂત આગેવાનોએ તપાસ કરતા સમગ્ર ગેરરીતિ સામે આવી હતી. ગેરરીતિ સામે આવતા સમગ્ર મામલો સામે આવ્યો છે.

તળાજામાં માર્કેટયાર્ડમાં શંકા ઉપજાવે તેવી કાર્યવાહી કરવામાં આવી છે. તુવેરની ખરીદીના ૨૧ દિવસ બાદ સેમ્પલ સીલ કરવામાં આવતાં તુવેરકાંડની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. તળાજા માર્કેટયાર્ડમાં હાલમાં ૧૯ હજાર તુવેરના થેલા પડેલાં છે. ૧૪ એપ્રિલના રોજ તુવેરની ખરીદી કરવામાં આવી હતી. ૬ માપદંડો ધરાવતી તુવેરની જ ખરીદી થતી હોય છે. પરંતુ એવો આરોપ થઈ રહ્યો છે કે તુવેરની ખરીદીમાં આ માપદંડો જળવાયા નથી. તો તળાજા માર્કેટયાર્ડના મેનેજરે કૌભાંડની વાત ફગાવી દેતાં કહ્યું કે આ રાજકીય રોટલા શેકવાની વાત છે.

# એનસીપીનાં સભ્યને ટાર્ગેટ કરી ૧૦ રાઉન્ડ ફાયરિંગ, ૩ ઈજાગ્રસ્ત

પોરબંદર, પોરબંદર જીલ્લાના કુતિયાણા નગરપાલિકા હાલ ભાજપ હસ્તકની છે, જેના પ્રમુખ ભાજપના મહિલા અગ્રણી ઢેલીબેન ઓડેદરા છે. ઢેલીબેન ઓડેદરા અને એનસીપીના કુતિયાણા નગરપાલિકાના સદસ્ય વચ્ચે ચુંટણી સમયથી ચકમક ઝરી રહી હતી.

જેની જૂની એક અદાવતમાં ગત મોડી રાત્રે એનસીપીના નગરપાલિકાના સદસ્ય અસ્લમ ખોખર અને તેના પરિવારજનો પર ઢેલીબેન ઓડેદરાના પુત્ર નાગેશ અને તેના સાગરીતોએ હુમલો કરી નાસી ગયા હતા.

**અમરનાથ સિક્યોરિટીસ લીમીટેડ**

CIN: L67120GJ1994PLC023254

**રજીસ્ટર્ડ ઓફીસઃ** ૧/ ૧૦૪, સાર્થક, સી.ટી. સેન્ટર સામે, સ્વસ્તિક ક્રોસ રોડ, સી.જી. રોડ, અમદાવાદ ગુજરાત-૩૮૦૦૦૯

કોર્પો. ઓફિસઃ બી ૨૦૭, સિટી પ્વોઇન્ટ, કોહિનુર હોટેલ પાસે, જે બી નગર, અંધેરી, મુંબઈ- ૫૯

ઈ-મેઇલ : amarnathsecurities@gmail.com

**નોટીસ**

આથી સેબી (લિસ્ટીંગ ઓબલીગેશનસ એન્ડ ડિસ્કલોઝર રીકવ્યારમેન્ટસ) રેગ્યુલેશન, ૨૦૧૫ ની કલમ ૨૯ ને અનુસરતા નોટીસ આપવામાં આવે છે કે કંપનીના ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ પુરા થતા ત્રૈમાસિકના અંતે ઓડીટેડ ફાઈનાન્સીયલ રિઝલ્ટને ધ્યાન પર લેવા અને મંજૂરી આપવામાં માટે બુધવાર, ૧૫મી મે, ૨૦૧૯ના રોજ સવારે ૧૧.૦૦ વાગે કંપનીની બોર્ડ ઓફ ડાયરેક્ટરોની મિટીંગ મળનાર છે.

આ જાણકારી કંપનીની વેબસાઈટ www.amarnathsecurities.com અને સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

અમરનાથ સિક્યોરિટીસ લીમીટેડ વતી
સહી/-
નરેશ પાડીર
એડીશનલ ડીરેક્ટર

તારીખ : ૦૭ મે, ૨૦૧૯
સ્થળ : મુંબઈ

# નવા ૧૦ લાખ નોકરીદાતા સર્જવાનો IIFLનો પ્રયાસ
# ફાઈનાન્સિલ એડવાઈઝર બનવા માટે માત્ર રૂ.૨૫,૦૦૦ની જરૂર

અમદાવાદઃ સ્વતંત્ર ફાઇનાન્સિયલ એડવાઇઝર બનવા માટે તમારે માત્ર રૂ. ૨૫૦૦૦ (રીફન્ડેબલ)ની જરૂર છે, જેમાં તમને ભારતમાં કોઇ પણ સ્થળેથી કામ કરવા તમારા ગ્રાહકો સાથે ટ્રાન્ઝેક્શન્સ કરવા અને ફાઇનાન્સિયલ પ્રોડક્ટ્સની સેવા આપવા તમામ હાર્ડવેર અને સોફ્ટવેર પુરું પાડવામાં આવશે. આઇઆઇએફએલની નવી પ્રોડક્ટ એડવાઇઝર એનીટાઇમ એનીવ્હેર (છછછછ) તરફથી આ તમને વચન છે. આ એક પ્રોપ્રાઇટરી હાર્ડવેર ડિવાઇસ એટલે કે ટેબ્લેટ છે, જે પ્રી-લોડેડ સોફ્ટવેર અને ડેટાકાર્ડ સાથે છે, જે તમને સ્ટોક માર્કેટ, મ્યુચ્યુઅલ ફન્ડસ, ન્યૂઝ, વ્યૂઝ, નિષ્ણાંતોની ભલામણોનું રિયલ ટાઇમ એક્સેસ આપે છે. આ સોફ્ટવેર તમારા ગ્રાહકોનો પોર્ટફોલિયો અને એડવાઇઝર્સનું કમિશન, કામગીરી વગેરેનો સંપૂર્ણ ચિતાર આપશે. આ ટેબ્લેટમાં ફ્રેંજીસ પરિક્ષાનો કન્સેપ્ટ સમજવા અને પ્રેક્ટીસ કરવા ઊભરતા એડવાઇઝર્સ માટે લર્ન મોડ્યુલ પણ છે. એડવાઇઝર આઈઆઈએફએલની રિસર્ચ ટીમ, ૨૪૮૭ સર્વિસ સેલ અને ચેટ પર પ્રોડક્ટ એક્સપર્ટ સાથે જોડાયેલો રહે છે અને કોલ કરીને વાતચીત પણ કરી શકે છે. (૧)

# મર્ક લીમીટેડ ને પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ લીમીટેડ નામ અપાયું




અમદાવાદઃ Merck KGaA, Darmstadના કન્ઝ્યુમર હેલ્થ બીઝનેશ અને પી એન્ડ જીના ગ્લોબલ એક્વિઝિશનને પગલે, કંપનીને મર્કે લિમિટેડથી પ્રોક્ટર અને ગેમ્બલ હેલ્થ લિમિટેડ ના નામે તા. ૬ મે, ૨૦૧૯ થી નામ બદલવાની મંજુરી કંપની રજિસ્ટ્રાર, મુંબઈ, મહારાષ્ટ્ર પાસેથી મંજૂરી મળી છે.

નામ બદલી પર વાત કરતાં, મીલીન્દ થત્તે, મેનેજીંગ ડિરેક્ટર, પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ લીમીટેડ જણાવે છે કે, આજે ભારતની સૌથી મોટી કન્ઝ્યુમર હેલ્થ કંપનીઓમાંની એક પ્રોક્ટર એન્ડ ગેમ્બલ હેલ્થ લિમિટેડ (અગાઉ મર્ક લિમિટેડ) માટે આકર્ષક નવા યુગની શરૂઆત છે. અમારું નવું નામ પી એન્ડ જી ગ્રુપના ભાગ રૂપે અમારી નવી ઓળખને પ્રતિબિંબિત કરે છે અને મજબૂત ગ્રાહક આરોગ્ય ક્ષમતાઓ અને સંસ્કૃતિઓના એક સાથે રાખીને આગળ વધવાનું સૂચવે છે. સાથે મળીને, અમે અમારી સંયુક્ત કુશળતાને બ્રાંડ્સ અને કેટેગરીઓ વિકસાવવા માટે કામ કરી રહ્યાં છીએ જે આજની જરૂરીયાત અને આવતીકાલની તકને પુરી કરી શકે"

ભારતમાં લિસ્ટેડ એન્ટિટીનું નામ બદલવાનો નિર્ણય પી એન્ડ જીનું Merck KGaA, Darmstadt, Germanyના કન્ઝ્યુમર હેલ્થ બીઝનેશના વૈશ્વિક સંપાદનના સફળ સમાપનને આભારી છે. કન્ઝ્યુમર હેલ્થ બિઝનેસને ડિસેમ્બર ૧, ૨૦૧૮ ના રોજ પી એન્ડ જી પર સ્થળાંતરિત કરવામાં આવી હતી. (૧-૭)

# નવનીત 'યુવા' રજૂ કરે છે 'સ્વચ્છ ભારત સર્વેક્ષણ - ૨૦૧૯' પર લૉન્ગ બુક્સની વિશેષ શ્રેણી

અમદાવાદઃ ભારત સરકારે જાહેર કરેલા 'સ્વચ્છ ભારત સર્વેક્ષણ - ૨૦૧૯'ના પુરસ્કારોને દર્શાવતી વિશેષ શ્રેણીની લૉન્ગ બુક્સ, નવનીત એજ્યુકેશન લિમિટેડની યુવા બ્રાન્ડ દ્વારા રજૂ કરવામાં આવી છે. પુરસ્કૃતોને બિરદાવતી આ વિશેષ શ્રેણી તેની પેટા-બ્રાન્ડ 'યુવા પ્રો' હેઠળ રજૂ કરવામાં આવી છે.

નવનીત એજ્યુકેશન લિમિટેડ દ્વારા ડિઝાઇન કરવામાં આવેલી આ વિશેષ લૉન્ગ બુક્સ શ્રેણીમાં ભારતનાં સૌથી સ્વચ્છ પાંચ શહેરો : ઇન્દોર, અમદાવાદ, ભોપાલ, ઉજ્જૈન અને છત્તીસગઢને આકર્ષક બે કલર ડિઝાઇન અને ફોઈલ પ્રિન્ટિંગ દ્વારા પ્રદર્શિત કરવામાં આવશે.

વિશ્વના સૌથી મોટા સ્વચ્છતા સર્વેક્ષણ 'સ્વચ્છ ભારત સર્વેક્ષણ - ૨૦૧૯'માં ૪૨૩૭ શહેરો અને ૬.૫ લાખ સર્વેક્ષણ સ્થળોનો સમાવેશ થાય છે.

આ સર્વેક્ષણનો ઉદ્દેશ 'લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા અને લોકો એકજૂથ થઈને તેમના વિસ્તાર, શહેર, જિલ્લા, રાજ્ય તથા સમગ્ર ભારતને સ્વચ્છ રાખે અને રહેવા માટે સુંદર અને સ્વચ્છ ભારતનું નિર્માણ કરે એ છે.

'સ્વચ્છ ભારત સર્વેક્ષણ - ૨૦૧૯' શ્રેણીની લૉન્ગ બુક્સના વિમોચન સમયે નવનીત એજ્યુકેશન લિમિટેડના સ્ટેશનરી વિભાગના ડાયરેક્ટર શ્રી શૈલેન્દ્ર ગાલા જણાવે છે કે ''લૉન્ગ બુક્સની આ શ્રેણી દ્વારા ભારતમાં ચાલી રહેલા સ્વચ્છતા અભિયાન પ્રત્યે લોકોમાં જાગૃતતા લાવવામાં યુવા પેઢી તેમની નોંધપાત્ર ભૂમિકા ભજવી રહી છે તે બદલ અમને ગર્વ છે. ઈ માય ક્લીન ઈન્ડિયા ઈના મૂળમંત્રને સાર્થક કરવા અમે એક ટીમ તરીકે કાર્યરત છીએ. આ શ્રેણી દ્વારા અમે લોકોમાં જાગૃતતા લાવી સ્વચ્છ અને હરિયાળા ભારતની રચનામાં તેમનું યોગદાન નોંધાવા પ્રેરિત કરવાનો પ્રયાસ કરીએ છીએ. આ લૉન્ગ બુક્સની શ્રેણીમાં પોતાના શહેરનું નામ અને આકર્ષક ફોટા જોઈ શહેરીજનો ચોક્કસ ગર્વની લાગણી અનુભવશે.'' -

**Gokul Agro Resources Limited**

CIN – L15142GJ2014PLC080010
Reg. Office: Office No. 801 - 805, Dwarkesh Business Hub, Survey No. 126/1, Opp. Visamo Society, B/h Atishay Belleview, Motera, Ahmedabad - 380005

**NOTICE**

Pursuant to Clause 29(1)(a) and 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, the Meeting of Board of Directors of the Company (Board Meeting No. 01/ 2019-20) will be held on Tuesday, May 14, 2019 at 4:00 PM at the Registered Office of the Company inter alia to consider and approve Audited Financial Statements for the Fourth Quarter and Year ended March 31, 2019.

**For, Gokul Agro Resources Ltd.**
**Sd/-**
**Chinar Jethwani**
**Company Secretary & Compliance Officer**

**Date :May 07,2019**
**Place: Ahmedabad**

Printed & Published by Mayur C. Bhatt on behalf of Kalyani Pub. Pvt. Ltd Printed at : Mahadev Offset, H-47, Ravi Estate Rustam Mill Compound Dudheswar, Ahmedabad-19. Published From: 37/ A, Rajlaxmi Tanament, Opp. Rami Vidhyalaya, Laxmipura, Gorva,Vadodara-